ફરિયાદ રજુ તારીખ: ૦૨.૦૫.૨૦૧૬.

ફરિયાદ દાખલ તારીખ:૦૨.૦૫.૨૦૧૬.

ફરિયાદ ફેસલ તારીખ: ૦૪.૦૫.૨૦૨૪.

સમય અવધિ ..... વર્ષ,.......માસ,........ દિવસ.

અમદાવાદના મહેરબાન એડિશ્નલ ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં...

(એન.આઇ એક્ટ સ્પેશિયલ કોર્ટ નંબર ૩૩.)

ફોજદારી કેસ નંબર : ૪૮/૨૦૧૬.

આંક-

ફરિયાદી:- ભીષ્મ ડાયગ્નોસીસના પ્રોપરાઇટર ભરત જયંતીભાઇ પટેલના પાવર ઓફ એટર્ની હોલ્ડર રાજેન્દ્ર મણીલાલ પટેલ,

ઠેકાણુ :- ૨૦૭, લીબર્ટી કોમ્પ્લેક્ષ,સેન્ટ ઝેવીયર્સ લેડીઝ હોસ્ટેલની બાજુમા, સ્વસ્તીક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

વિરુધ્ધ

આરોપી :- અમર લીલાધર બેચરા,

(૧) રહે. ૩૦૨, વિનાયક રેસીડન્સી,વ્રજ શોપિંગ સેન્ટરની સામે, ભાનુ પેટ્રોલપંપ પાસે, રણજીત સાગર રોડ,જામનગર-૩૬૧૦૦૧. તથા (૨) રહે. ૪૭, પટેલ વાસ, ભરવાડ વાસની બાજુમા, ગામ પીપડી, તાલુકો લાલપુર, જીલ્લો જામનગર-૩૬૧૧૭૦.

તહોમત : વટાઉખત અધિનિયમ, સને ૧૮૮૧ ની કલમ- ૧૩૮ મુજબ.

ફરિયાદી તરફે વિદ્વાન વકીલ શ્રી અમીશા પટેલ.
આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી પારુલ આર પ્રજાપતિ.

-: ચુ કા દો :-

(૧) ફરિયાદ પક્ષની ફરિયાદ મુજબની સંક્ષિપ્ત હકીકત:-

(૧.૧) ફરીયાદી ભીષ્મ ડાયગ્નોસીસના પ્રોપરાઇટર ભરત જયંતીભાઇ પટેલના પાવર ઓફ એટર્ની હોલ્ડર છે. આ કામના આરોપી ફરીયાદીને તેમની ઉપરોકત પેઢી ઉપર મળેલા અને જણાવેલ કે તેઓ લીલાધર બેચરા ફરીયાદમા જણાવેલ સરનામે બીયારણનો ધંધો કરે છે અને તેમની બજારમા ખુબ જ શાખ છે અને જો ફરીયાદી આરોપીને માલ આપે તો તેનુ પેમેન્ટ નીયમીત કરશે. આથી ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ અને ભરોશો રાખીને આરોપીને માલ આપવા લલચાયેલા અને આરોપીએ ફરીયાદી પાસેથી રૂ.૨૨,૬૬,૭૫૦ નો માલ બીયારણ ખરીદ કરેલ. સદર માલની ડીલીવરી આરોપીને મળી ગયેલ છે.

આ કામના આરોપીએ ફરીયાદીને ઉપરોકત બાકી નીકળતી કાયદેસરની લેણી રકમની ચુકવણી પેટે રૂ.૨૨,૬૬,૭૫૦નો ચેક આપેલ, જેનો ચેક નંબર ૪૫૪૨૭૮, કોર્પોરેશન બેંક, પંડીત નહેરુ માર્ગ, જામનગર શાખાનો તારીખ: ૧૮.૧૨.૨૦૧૫ ના રોજનો અમો ફરીયાદી પેઢીના નામનો આપેલ.

(૧.૨) આ કામના આરોપીએ અમો ફરીયાદીને આપેલ ઉપરોકત જણાવેલ ચેક આ કામના આરોપીના કહેવા મુજબ ફરીયાદીએ અમારી બેંક દેના ગુજરાત ગ્રામીણ બેંક મેમનગર શાખા,અમદાવાદ ખાતે તારીખ: ૨૧.૦૧.૨૦૧૬ ના રોજ જમા કરાવેલ જે ચેક તારીખ: ૨૯.૦૧.૨૦૧૬ ના રોજ " ઇન સફીસીયન્ટ ફંડસ તથા ડ્રોવર સીગ્નેચર ડીફર્સ " ના કારણે આરોપીની બેંકે પરત કરેલ.

(૧.૩) જેથી વટાઉખત અધિનિયમ, સને ૧૮૮૧ (જેને હવે પછી સરળતા ખાતર ટૂંકમાં "અધિનિયમ " તરીકે સંબોધવામાં આવશે) ની કલમ- ૧૩૮ મુજબ ફરિયાદીએ વકીલ મારફત તારીખ.૧૮.૦૨.૨૦૧૬ ના રોજ રજીસ્ટર પોસ્ટ એ.ડી થી આરોપીને નોટિસ આપેલ જે નોટિસની બજવણી થવા છતા આરોપીએ ચેક મુજબની રકમ ફરિયાદીને સમય મર્યાદા માં ચૂકવી આપેલ નથી. જેથી હાલની ફરિયાદ ફરિયાદીએ દાખલ કરી છે.

(૨) કેસની ઇન્સાફી કાર્યવાહી :-

ઉપરોક્ત વિગતની ફરિયાદ અત્રેની કોર્ટમાં રજૂ થયા બાદ ફરિયાદીની ફરિયાદ હકીકત તેમજ તે સાથે રજુ દસ્તાવેજો લક્ષમાં લઈ ફોજદારી કાર્યરીતિ સંહિતા,સને ૧૯૭૩ (જેને હવે પછી સરળતા ખાતર ટૂંકમાં " સંહીતા " તરીકે સંબોધવામાં આવશે) ની કલમ - ૨૦૪ મુજબ આરોપી વિરુદ્ધ અધિનિયમની કલમ-૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનાના તહોમત ની ન્યાયીક કાર્યવાહી માટે હાજર રહેવા અંગેનો સમન્સ કરવામાં આવેલ હતો. આરોપીને સમન્સની બજવણી થતા આરોપી તેમના વિદ્વાન વકીલ શ્રી મારફત હાજર રહેતા આરોપી ને તેમની વિરુદ્ધના કેસ અંગે પેપર્સની નકલો સંહીતાની કલમ-૨૦૭ મુજબ પૂરી પાડવામાં આવેલ છે. બાદમાં સંહિતાની કલમ- ૨૫૧ અન્વયે તારીખ.૨૨.૦૭.૨૦૧૯ ના રોજ આરોપીની પ્લી (નિવેદન) આંક-૦૭ થી નોંધતા આરોપીએ ગુનો કર્યાનો ઇન્કાર કરેલ છે. જેથી સંહિતાની કલમ-૨૫૪ અન્વયે સબબ કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

(૩.એ) ફરિયાદ પક્ષ તરફથી રજૂ મૌખિક પુરાવા:-

૧. અધિનિયમની કલમ ૧૪૫ મુજબ આંક- ૦૪ થી ફરિયાદીની લેખિત સરતપાસ નું સોગંદનામુ.

૨. અધિનિયમની કલમ ૧૪૫ મુજબ આંક-૩૨ થી ફરિયાદી તરફના સાહેદ ભરત જયંતી ભાઇ પટેલ ની લેખિત સરતપાસ નું સોગંદનામુ.

(૩.બી) ફરિયાદપક્ષ તરફથી રજૂ દસ્તાવેજી પુરાવા:-

અનુક્રમ નંબર	આંક	દસ્તાવેજી પુરાવાની વિગત.
૧.	૧૧	પાવર ઓફ એટર્નિ.
૨.	૧૨	સંસ્થા નોંધણીનુ પ્રમાણપત્ર.

૩.	૧૩	ચેક જમા પાવતી.
૪.	૧૪	ફરિયાદવાળો ચેક નંબર ૪૫૪૨૭૮ અસલ.
૫.	૧૫,૧૬	ચેક રિટર્ન મેમો અસલ.
૬.	૧૭	ફરિયાદી આપેલ નોટિસ ની ઓસી.
૭.	૧૮,૧૯	ફરિયાદી એ નોટિસ મોકલ્યા ની રસીદ અસલ.
૮.	૨૦,૨૧	નોટિસ બજયા અંગે પોસ્ટખાતાનુ ટ્રેક રીપોર્ટ.
૯.	૨૨	ડીલીવરી ચલણ.
૧૦.	૨૩	ડીલીવરી નોટ.
૧૧.	૨૪	ઇન્વોઇસ.
૧૨.	૩૫	પાવર ઓફ એટર્નિ.
૧૩.	૩૬	ફરીયાદીની બેંકનુ પ્રમાણપત્ર.
૧૪.	૩૭	આરોપીનુ લેઝર એકાઉન્ટ.
૧૫.	૩૮	પક્ષકારો વચ્ચે થયેલ કરાર.
૧૬.	૩૯	ચેક નંબર ૦૦૦૦૧૭ અસલ.
૧૭.	૪૦	સને ૨૦૧૬-૧૭ નુ ઇન્કમટેક્ષ રીટર્ન.

(૪) ઉપરોક્ત પુરાવા રજૂ કર્યા બાદ ફરિયાદપક્ષ તરફથી આંક-૪૨ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરી પોતાનો પુરાવો પુરો થયો હોવાની જાહેરાત કરી છે.

ત્યારબાદ સંહિતાની કલમ-૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરિયાદપક્ષનો પુરાવો તેમની હાજરીમાં લેવામાં આવેલ હોવાનું સ્વીકારી તેમની સામે પડેલ પુરાવાનો ઇન્કાર કરી પોતે કોઈ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી અને પોતે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેમ જાહેર કરી વિશેષમા જણાવેલ છે કે " કોઇ માલ મળેલ નથી, ખાતાનો ખોટો ઉતારો રજુ કરેલ છે. નોટીસની હકીકત ખોટી છે. ડીલીવરી ચલણ ખોટુ બનાવી રજુ કરેલ છે. **મારા પાસે ફરીયાદીને કોઇ કાયદેસરનુ**

લેણુ ના હોવા છતા મારી ઉપર ખોટો કેસ કર્યો છે."

આરોપીના ઉપરોક્ત વિશેષ નિવેદન બાદ આ કામે બંને પક્ષની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) દલીલો:-

(૫.૧) ફરિયાદપક્ષ તરફથી આંક-૪૩ થી લેખીત દલીલો રજુ કરવામા આવી છે. ફરીયાદપક્ષ તરફથી વિદ્વાન વકીલશ્રી અમીશા પટેલ મૌખીક દલીલમાં જણાવે છે કે આ કામના આરોપીએ અમો ફરીયાદી પાસેથી રૂ.૨૨,૬૬,૭૫૦ ના બીયારણનો માલ ખરીદ કરેલ અને સદર માલની ડીલીવરી આરોપીને મળી ગયેલ છે અને તેની બાકી લેણા પેટે આરોપીએ ફરીયાદવાળો ચેક આપેલ છે. આમ ફરીયાદી દવારા અધિનીયમની કલમ-૧૩૮ ના આવશ્યક તત્વો પુરવાર કરવામા સફળ રહેલા છે. વધુમા આ કામના આરોપી દવારા ફરીયાદીએ આપેલ નોટીસનો કોઇ જવાબ આપેલ નથી. આ કામે ફરિયાદવાળા ચેક ઉપર આરોપીની સહી ન હોવાનો આરોપીએ કોઇ બચાવ લીધો નથી. ફરિયાદ વાળા ચેક ઉપર સહી એડમીટેડ હોય અધિનિયમની કલમ-૧૩૯ મુજબના અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાના થાય છે અને ફરિયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાન થયા બાદ બચાવપક્ષ દ્વારા આ અનુમાનોનું ખંડન કરતો કોઈ જ પુરાવો રજૂ કરી શકેલ નથી.વધુમા બચાવપક્ષ ફરીયાદી ની ઉલટ તપાસ થકી કોઇ પણ ખંડનાત્મક પુરાવો રજુ કરી શકેલ નથી. આથી રજુ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા આધારે ફરિયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરતા હોય આરોપીને તકશીરવાન ઠરાવવા પોતાની દલીલમાં જણાવેલ છે.

(૫.૨) બચાવપક્ષ તરફથી આંક-૪૫ થી લેખીત દલીલો રજુ કરવામા આવી છે.બચાવપક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી પારુલ આર પ્રજાપતિ પોતાની દલીલમાં જણાવે છે કે ફરીયાદીની અમો આરોપી પાસેથી કોઇ લેણી રકમ બાકી રહેલ ન હોય કે ફરીયાદી કોઇ દેવુ કે કાયદેસરનુ લેણુ આરોપી પાસે લેવાના બાકી નીકળતા ન હતા અને ફરીયાદીએ સીકયુરીટી પેટે લીધેલ ચેકનો દુર ઉપયોગ કરેલ છે. બચાવપક્ષ દવારા સચોટ અને ચોકકસ પુરાવા થકી

સાબીત કરેલ છે કે ફરીયાદવાળા ચેક દેવા પેટે નહી પરંતુ સીકયુરીટી પેટે લીધેલ ચેકનો વધુ નાણા પડાવવા માટે દુર ઉપયોગ કરેલ છે. ફરીયાદી તરફે રજુ ડીલીવરી ચલણમા આરોપીની કોઇ સહી નથી. આંક-૩૮ નુ લખાણ ખોટુ છે. આથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા પોતાની દલીલમા જણાવેલ છે.

(૬) સદર હુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૬.૧) શું ફરિયાદપક્ષ નિ:શકપણે સાબિત કરે છે કે ફરિયાદ હકીકત મુજબ ફરિયાદીના કાયદેસરના લેણા / જવાબદારીની ચુકવણી પેટે આરોપીએ આપેલ ફરિયાદ વિગતનો ચેક ફરિયાદીએ સ્વીકારવા માટે પોતાના બેંક ખાતામાં રજૂ કરતા આ ચેક વણસ્વીકારાયે પરત આવેલ છે અને તે અંગે ફરિયાદીએ આરોપીને નોટિસ આપવા છતાં આરોપીએ કાયદામાં ઠરાવેલ સમય મર્યાદામાં વણસ્વીકારાયે પરત આવેલ ચેકના નાણાં ફરિયાદીને ચૂકવી આપેલ નથી અને તેમ કરી આરોપીએ અધિનિયમની કલમ-૧૩૮ ની જોગવાઈ મુજબ શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે.?

(૬.૨) શું હુકમ.?

(૬.3) ઉપરોકત મુદ્દાઓ સંદર્ભે રજુ પુરાવા તેમજ ઉભયપક્ષની દલીલો લક્ષમા લેતા ઉપરોકત મુદ્દાઓના નિર્ણય અને તે અંગેના કારણો નીચે મુજબ છે.

મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમા...

મુદ્દા નંબર ૨ નો જવાબ આખરી હુકમ મુજબ...

(૭) સાબિતીના બોજા અંગે કાયદાકીય જોગવાઈ અને ચુકાદાઓ

(૭.૧) આરોપી વિરુધ્ધ અધિનિયમની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત છે. જે અંગે અધિનિયમની કલમ-૧૩૮ ની જોગવાઈ લક્ષમા લેતા નીચે મુજબના આવશ્યક તત્વો ફરિયાદીની ફરિયાદમાં હોવા જોઈએ અને તેવી હકીકત ફરિયાદીએ તેઓના પુરાવા થી પુરવાર કરવાની થાય છે.

(૧) કાયદેસરના લેણા / જવાબદારીની ચુકવણી પેટે આરોપી દ્વારા ચેક ઈસ્યુ કરવામાં

આવેલ હતો.

(૨) ચેક ફરિયાદી દ્વારા બેંકમાં રજૂ કરવામાં આવેલ હતો.

(૩) ચેક બેંકમાં રજૂ કરતા વણચુકવ્યે પરત આવેલ હતો.

(૪) આ વણચુકવ્યે પરત આવેલ ચેક ની રકમ ચૂકવવા ચેક લખનારને આ કલમની જોગવાઈ મુજબ નોટિસ ઈસ્યુ કરવામાં આવી હતી.

(૫) નોટિસની બજવણી થવા છતાં નિયત સમય મર્યાદામાં ચેકની રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે.

ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ સિવાય અધિનિયમની કલમ-૧૩૮ ધારકની તરફેણ માં અનુમાન કરવા બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૭.૨) અધિનિયમની કલમ-૧૩૯ ધારકની તરફેણમા અનુમાન:- વિરુદ્ધનું સાબિત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ-૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે.

(૭.૩) પ્રસ્તુત કેસના નિર્ણય માટે રજૂ પુરાવાની ચર્ચા કરતા અગાઉ તે સંદર્ભે અધિનિયમ ની કલમ-૧૧૮ તથા ૧૩૯ અંગે ૨૦૧૦ એ.આઇ.આર (સુપ્રીમ કોર્ટ) રંગપ્પા વિરુધ્ધ શ્રી મોહનનો ચુકાદો માનસહ વંચાણે લીધો. આ ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે પેરા-૧૪ મા ઠરાવેલ છે કે અધિનીમયની કલમ-૧૩૯માં કાયદેસરનું લેણું અસ્તિત્વમાં હતું તેવા અનુમાન નો સમાવેશ થાય છે. આરોપીએ અધિનીયમની કલમ-૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન કરવા માટેનો પુરાવો સંભાવનાની પ્રબળતા હોય તેટલી કક્ષાનો આપવો પડશે અને તે માટે આરોપીએ પોતાનો પુરાવો આપવાની જરૂર નથી પરંતુ ફરિયાદી તરફે રજુ પુરાવા ઉપર આધાર રાખીને પણ બચાવ કરી શકે છે.

(૭.૪) ૨૦૦૯ (૨) જી.એલ.આર (સુપ્રીમ કોર્ટ) મેસર્સ કુમાર એક્સપોર્ટ વિરુદ્ધ મેસર્સ શર્મા કાર્પેટ્સનો ચુકાદો માનસહ વંચાણે લીધો. પ્રસ્તુત ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે પેરા-૧૦ અને ૧૧ મા ઠરાવેલ છે કે ફરિયાદી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટનું એક્ઝિકયુશન પુરવાર કરે

અથવા આરોપી સ્વીકાર કરે ત્યાર પછી પુરાવાનો બોજો અધિનિયમની કલમ- ૧૧૮,૧૩૯ હેઠળનુ અનુમાન ખંડનાત્મક છે અને આરોપીએ અવેજ અથવા દેવું અસ્તિત્વમાં ન હતું તેવી સંભાવના સ્વીકારે તેવો ખંડનાત્મક પુરાવો રજૂ કરવો પડે.

(૮) મુદ્દા નંબર ૧ ના નિર્ણય હેતુસર ઉપરોક્ત ચર્ચા મુજબની કાયદાની જોગવાઈ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા થી સ્થાપિત સિદ્ધાંતો અને પ્રસ્તુત કેસની હકીકત અને તે અન્વયે પક્ષકારો દ્વારા રજુ પુરાવા લક્ષમાં લેવામાં આવેલ છે.

(૮.૧) પ્રસ્તુત કેસમાં ફરિયાદી દ્વારા આંક- ૦૪ થી પોતાની સરતપાસ નું સોગંદનામુ રજૂ કરેલ છે. અને તેમાં ફરિયાદીએ ફરિયાદ હકીકતને અનુરૂપ હકીકતો તેમની જુબાનીમાં જણાવી છે. જ્યારે બચાવપક્ષ દ્વારા પોતાની ઉલટ તપાસ થકી નીચે મુજબની હકીકત/ બચાવ રેકોર્ડ પર લાવેલ છે.

એ વાત ખરી છે કે, ભીષ્મ ડાયગ્નોસીસ પેઢીમાં રોજબરોજના જે વ્યવહારો થાય છે તે હિસાબો અમે રાખીએ છે. આ તમામ હિસાબો કોમ્પ્યુટરાઈઝ રીતે રાખવામાં આવે છે. આ હિસાબો અમારા એકાઉન્ટન્ટ મેઈન્ટેન કરે છે.સવાલ- તમોને ભીષ્મ ડાયગ્નોસીસ પેઢીના તમામ વ્યવહારોનું સંપૂર્ણ માહિતી છે? જવાબ- ના, મને ફકત વેચાણ અને તેને લગતા વ્યવહારોની જ માહિતી છે. એ વાત ખરી છે કે,અમે વેચાણ પત્રક તથા સ્ટોક પત્રક નિભાવીએ છીએ. અમારી પેઢીમાં વર્ષના અંતે વાર્ષિક હિસાબો તૈયાર થાય છે. અમારા હિસાબોનું દર વર્ષે ઓડીટ થાય છે અને અમે દરેક હિસાબોના ચોપડા નિભાવીએ છીએ. અમારા હિસાબોનું ઓડીટ ચાર્ટડ એકાઉન્ટન્ટ કરે છે. એ વાત ખરી છે કે, ઓડીટર વેચાણ પત્રક, સ્ટોક પત્રક સાથે બિલો ટેલી કરે ત્યારબાદ ઓડીટ કર્યા અંગેનો ઓડીટ રીપોર્ટ આપે છે. ઓડીટ દરમ્યાન પેન્સીલથી ટીકો મારવામાં આવે છે કે કેમ તેની મને ખબર નથી. અમારે આરોપી સાથે સાત-આઠ વર્ષથી વ્યવહાર છે. અમારે ૨૦૧૫ પહેલા પણ આરોપી સાથે વ્યવહાર થયેલ છે. ૨૦૧૫ પહેલા કેટલા વ્યવહાર થયેલા તે હું મોઢે કહી શકુ નહી. આરોપી ની પ્રથમ મુલાકાત મારી સાથે થયેલી તે કઈ સાલમાં મુલાકાત થયેલી તે સાલ હાલ યાદ

નથી. અમારે આરોપી સાથે ડીલરશીપ અંગેનો કોઈ એગ્રીમેન્ટ થયેલો નથી. એ વાત ખરી છે કે,મે ફરિયાદ સાથે મને આપેલ પાવર ઓફ એટોર્નીની અસલ કોપી રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મે ફરિયાદ સાથે પેઢીના ગુમાસ્તાધારાના સર્ટીફિકેટની અસલ કોપી રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આંક-૨૨ થી ડિલીવરી ચલણ રજુ કરેલ છે. એ વાત ખરી નથી કે, માલનો સપ્લાય એક જ વખત થતો હોય છે. એ વાત ખરી છે કે, જેટલો માલ સપ્લાય કર્યો હોય તેટલીજ વિગતની ડિલીવરી ચલણ બનતુ હોય છે. એ વાત ખરી છે કે, આંક-૨૩થી ડિલીવરી નોટ રજુ કરેલ છે. આરોપીને આપેલો માલ સ્પેશ્યલ વાહન દ્વારા મોકલેલો. એ વાત ખરી નથી કે, સ્પેશ્યલ વાહન દ્વારા માલ મોકલયો હોય તો માત્ર ડિલીવરી ચલણ જ હોઈ શકે. **એ વાત ખરી નથી કે, આંક-૨૨ તથા ૨૩ ના દસ્તાવેજો ખોટા બનાવીને રજુ કર્યા છે. એ વાત ખરી નથી કે, આરોપીને અમોએ કોઈ માલ વેચેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી પાસે અમારુ કોઈ કાયદેસરનુ લેણુ ન હોવા છતા ખોટી ફરિયાદ કરેલ છે.** આંક-૧૪ વાળા તકરારી ચેકના બોડી રાઈટીંગ આરોપીના છે કે કેમ તેની મને ખબર નથી. આંક-૧૪ વાળો ચેક આરોપીએ મને રૂબરૂમાં આપેલો. **એ વાત ખરી નથી કે, આંક-૧૪ વાળો ચેક આરોપીએ મને સહી કરીને આપેલો નથી.**

(૮.૧.૧) ફરીયાદી તરફે આંક-૩૨ સાહેદ ભરત જયંતીભાઇ પટેલ તેમની જુબાનીમા ફરીયાદ હકકીતને સમર્થનકારી હકીકત પોતાની જુબાનીમા જણાવે છે. જયારે બચાવપક્ષ દ્વારા પોતાની ઉલટ તપાસ થકી નીચે મુજબની હકીકત/ બચાવ રેકોર્ડ પર લાવેલ છે.

મારે તહોમતદાર સાથે ૨૦૧૨ થી વ્યવહાર છે. એ વાત ખરી છે કે, અમારો માલ અધિકૃત વિક્રેતાને વહેંચીએ છીએ. આરોપી અધિકૃત વહેંચનાર છે કે કેમ? તેની હાલ મને કાંઈ ખબર નથી. એ વાત ખરી છે કે, **અમારી પેઢીના બુકસ ઓફ એકાઉન્ટ તૈયાર થાય છે. એ વાત ખરી છે કે, અમારી પેઢીનું ખાતાવહી, રોજમેળ તેમજ ખરીદ-વેચાણ અને સ્ટોક રજીસ્ટર નિભાવવામાં આવે છે.** એ વાત ખરી છે કે, આના ઉપરથી વર્ષના અંતે નફા-નુકશાનનું પાકું સરવૈયું તૈયાર થાય છે. એ વાત ખરી છે કે, **અમારા ચોપડાઓનું દર**

વર્ષે ઓડીટ કરાવીએ છીએ. સી.એ.કેવી રીતે ઓડીટ કરતા હોય છે તેની મને ખબર નથી. આરોપીએ ચેક કોને આપેલો તે ચોકકસ હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, જનરલ પાવર ઓફ એટર્ની નોટરી રૂબરૂ થયેલ છે. એ વાત ખરી છે કે, આ પાવર ઓફ એટર્નીમાં ટેલી એન્ડ કમ્પેર્ડનો સિકકો નથી. એ વાત ખરી છે કે, આંક-૩૬ વાળા સર્ટિફિકેટમાં બેંક અધિકારીનો કોઈ એન્ડોર્સમેન્ટ નથી. **એ વાત ખરી છે કે, આંક-૩૭ થી આરોપીના ખાતા નો ઉતારો રજુ કરેલ છે.** એ વાત ખરી છે કે, આ ઉતારા ઉપર સી.એ.નો ઓડીટ કર્યું હોય તે બાબતનો કોઈ સિકકો નથી. **એ વાત ખરી છે કે, આંક-૩૮ થી અમારા અને આરોપી વચ્ચે લખાણ થયેલ છે. એ વાત ખરી છે કે, આંક-૩૮ વાળા લખાણમાં ચેકની રકમનો ઉલ્લેખ કરેલ નથી.** એ વાત ખરી છે કે, આંક-૩૮ વાળા લખાણમાં ચેક રૂબરૂમાં સહી કરીને આપેલો તેવી હકીકત લખેલ નથી. **એ વાત ખરી નથી કે, આંક-૩૯ વાળા કોરા ચેકનો દુરૂપયોગ કરેલ છે.** એ વાત ખરી નથી કે, આંક-૪૦ વાળો દસ્તાવેજ માત્ર ઇન્કમટેક્ષ રીટર્નની એકનોલેજમેન્ટ છે. એ વાત ખરી છે કે, આંક-૪૦ વાળા દસ્તાવેજમાં દસ્તાવેજ તૈયાર કરનાર વ્યક્તિની સહી કે સિકકા નથી. **એ વાત ખરી નથી કે, આરોપી પાસે કાયદેસરનું લ્હેણું ન હોવા છતાં ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, આરોપીએ મારી રૂબરૂમાં કોઈ ચેક સહી કરીને આપેલ નથી, પરંતુ જુના જે ચેક પડેલ હતા તેનો દુરૂપયોગ કરી હાલની ખોટી ફરિયાદ કરેલ છે.**

(૮.૨) હવે આ કામના ફરિયાદીની ફરિયાદ હકીકત રજુ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા તથા આરોપીનો બચાવ ધ્યાનમાં લીધો. આરોપી વિરુદ્ધ અધિનિયમની કલમ-૧૩૮ મુજબ ના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત છે. જે અંગે અધિનિયમની કલમ-૧૩૮ મુજબ ગુનો પુરવાર કરવા પુરાવા અધિનીયમના કાયદા અનુસાર જે પક્ષકાર જે હકીકત સાથે કોર્ટ સમક્ષ આવેલ હોય તે હકીકત પુરવાર કરવાની જવાબદારી જે તે પક્ષકારના શીરે રહે છે. ચેક પરત ફર્યાના કેસમાં પ્રાથમિક તબક્કે ફરિયાદીએ પુરાવા આપવાનો હોય છે. સદર પુરાવા થકી પ્રાથમિક પણે ચેકની આપ લે થવા બાબત પુરવાર થાયેથી ફરિયાદીની તરફેણમાં

અધિનિયમની કલમ -૧૧૮ અને ૧૩૯ મુજબ કાયદાકીય અનુમાન કરવાનું થાય.

ખાતામા અપુરતા ફંડના કારણે અમુક ચેકોના અસ્વીકારની બાબતમા શીક્ષાની જોગવાઇ ધ્યાને લઇએ તો ..

અધિનીયમની કલમ-૧૩૮ ખાતામા અપુરતા ફંડ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર થવા બાબત:- સમગ્ર અથવા અશંત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે બેન્કર પાસે પોતાના પાસેના પોતાના ખાતામાથી, બીજી વ્યકિતને નાંણાની રકમ ચુકવવા માટે તે ખાતામાથી કોઇ વ્યકિતએ લખેલ કોઇ ચેક, તે ખાતામા જમા નાંણા રકમ, ચેક સ્વીકારવા માટે અપુરતા હોવાના અથવા તે બેંક સાથે કરેલ કબુલાત દ્વારા તે ખાતામાથી ભરવાની ગોઠવણ કરેલી રકમ કરતા વધુ, હોવાને કારણે,ભરપાઇ થયા વિના બેંક પરત કરે, ત્યારે તેવી વ્યકિતએ ગુનો કર્યો હોવાનુ ગણાશે અને તેને આ અધિનીયમની બીજી કોઇ પણ જોગવાઇઓનો બાધ આવ્યા સિવાય, બે વર્ષ સુધીની કેદની અથવા ચેકની રકમ કરતા બમણી રકમનો દંડ અથવા બંને શીક્ષા કરવામા આવશે.

પરંતુ આ કલમમાનો કોઇ પણ મજકુર લાગુ પડશે નહી સિવાય કે.

(એ) જે તારીખે ચેક લખ્યો હોય તે તારીખથી છ મહીનાની મુદતની અથવા તેની કાયદેસરની મુદત એ બે માથી જે વહેલુ હોય તેટલી મુદતની અંદર બેંકમા ચેક રજુ કરવામા આવ્યો હોય ;

(બી) પ્રસંગ પ્રમાણે ચેક લેનાર અથવા તેના ધારક ચેક ભરપાઇ થયા વિના પરત આવવા સંબધી બેંક પાસેથી તેને માહીતી મળ્યાના ત્રીસ દિવસની અંદર, ચેક લખનારને લેખિતમા નોટીસ આપીને નાંણાની સદર હુ રકમની ચુકવણી કરવા માટે માંગણી કરી હોય ; અને

(સી) એવા ચેક લખનારે ચેક લેનાર અથવા તેના ધારકને, સદર હુ નાંણાની રકમની ચુકવણી સદર હુ નોટિસ મળ્યાના પંદર દિવસની અંદર ન કરી હોય ;

સ્પષ્ટીકરણ : - આ કલમના હેતુઓ માટે " દેવા અથવા જવાબદારી " એટલે કાયદેસર વસુલ કરી શકાય તેવા દેવા અથવા બીજી જવાબદારી.

(૮.૩) ફરીયાદી તેમની ફરીયાદ અને જુબાનીમા જણાવે છે કે આરોપીએ ફરીયાદી પાસેથી રૂ.૨૨,૬૬,૭૫૦ નો માલ બીયારણ ખરીદ કરેલ. સદર માલની ડીલીવરી આરોપીને મળી ગયેલ છે. આ સંદર્ભે ફરીયાદી દવારા આંક-૨૨ થી ડીલીવરી ચલણ રજુ કરેલ છે જેમા ૩૨૭૫ પેકેટ આરોપીને ડીલીવરી કરેલ હોવાનુ અને આંક-૨૩ થી રજુ ડીલીવરી નોટ આધારે ૩૨૭૫ પેકેટ આરોપીને તારીખ: ૧૮.૦૭.૨૦૧૫ ના રોજ ડીલીવરી કરેલ હોવાનુ તેમજ આંક-૨૪ ના ઇન્વોઇસ આધારે ફરીયાદીએ આરોપીને માલ બીયારણ નંગ ૩૨૭૫ પેકેટ કિમત રુપીયા ૨૨,૬૬,૭૭૫ નો વેચાણ આપેલ હોવાનુ ફલીત થાય છે. વધુમા ફરીયાદીએ રજુ કરેલ આંક-૩૭ ના આરોપીનુ લેઝર એકાઉન્ટ મુજબ તારીખ: ૧૮.૦૭. ૨૦૧૫ ના રોજ આરોપીને આંક-૨૪ ના ઇન્વોઇસની વીગતે બીયારણ વેચાણ રૂ.૨૨,૬૬, ૭૭૫ નુ કરેલ હોવાની એન્ટ્રી છે. આમ, ફરીયાદી દવારા આરોપીને રૂ.૨૨,૬૬,૭૫૦ નો માલ બીયારણ ખરીદ કરેલ હોવા બાબતે મૌખીક તથા રજુ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

વધુમા ફરીયાદી તેમની જુબાનીમા જણાવે છેકે આ કામના આરોપીએ ફરીયાદીને ઉપરોકત બાકી નીકળતી કાયદેસરની લેણી રકમની ચુકવણી પેટે રૂ.૨૨,૬૬,૭૫૦નો ફરીયાદવાળો ચેક ફરીયાદી પેઢીના નામનો આપેલ. વધુમા ફરીયાદીના કથન મુજબ આરોપીએ ફરીયાદીની બાકી નીકળતી કાયદેસરની લેણ રકમની ચુકવણી પટેની જવાબ દારી સ્વીકારી તેમની સહી કરીને ચેક આપેલ હતો જે વગર સ્વીકારાયે પરત આવેલ છે.

હવે ફરીયાદવાળા ચેક ઉપર આરોપીની સહી ન હોવા બાબતે આરોપી દવારા કોઇ તકરાર લેવામા આવી નથી. ફરીયાદી દવારા ચેકનુ એકઝીકયુશન પુરવાર કરતો પ્રાથમીક પુરાવો રજુ કરવામા સફળ રહેલા છે તે હકીકત ધ્યાને લઇ ફરીયાદીની તરફેણમા અધિનીયમ ની કલમ-૧૩૯ નુ અનુમાન કરવામા આવે છે.

(૮.૪) ઉપરોકત મુજબ ફરિયાદીની તરફેણમા જયારે અધિનીયમની કલમ-૧૩૯ મુજબ કાયદાકીય અનુમાન કરવામા આવેલ હોય તે સંજોગોમા બચાવપક્ષ દ્વારા શું ફરિયાદીની તરફેણમા કરવામા આવેલ કાયદાકીય અનુમાનનુ ખંડન કરવામા સફળ રહેલા છે કે કેમ.?

તે બાબતની ચર્ચા કરવામા આવે તો અધિનીયમની કલમ-૧૩૯ મુજબ જયાં સુધી વિરુધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી એવુ માનવામા આવશે કે ચેક ધારકને કોઇ પણ દેવુ અથવા જવાબદારીના સંપુર્ણ અથવા આંશીક ચુકવણી માટે પ્રાપ્ત થયો છે.

હવે પુરાવા અધિનીયમની કલમ-૩ મા સાબીતીની વ્યાખ્યાને અધિનીયમની કલમ-૧૧૮ અને ૧૩૯ ની જોગવાઇઓ લાગુ કરવાથી એ સ્પષ્ટ થાય કે અધિનીયમની કલમ-૧૩૮ હેઠળની સુનાવણીમા એવી ધારણા કરવી પડશે કે વટાઉખત કાયદેસરના દેવા / અવેજ / જવાબદારી પેટે આપવામા આવેલ હતો. જયારે ચેકનુ એકઝીકયુશન પુરવાર થઇ જાય બાદ આ અનુમાનો જીવંત તેમજ અસ્તીત્વમા રહેશે અને ટકી રહેશે અને જયારે આરોપી દ્વારા વિપરીત સાબીત કરવામા આવે ત્યારે જ તેનો અંત આવે છે. હવે અનુમાનનુ ખંડન કરતી વખતે બચાવપક્ષ દ્વારા એવી હકીકત રેકર્ડ પર લાવવી રહી કે તેના આધારે કાંતો અદાલત એમ માને કે અવેજ / દેવુ / જવાબદારી અસ્તીત્વમા જ નથી અથવા તો અવેજ / દેવુ / જવાબદારી અસ્તીત્વમા ન હોવાની સંભાવના એવી છે કે સામાન્ય માણસ આ સંજોગોમા એવુ માનવા પ્રરાય કે આવી હકીકત અસ્તીત્વમા જ નથી.

વધુમા નામદાર સુપ્રિમ કોર્ટ દવારા તાજેતરમા **રાજેશ જૈન વિરુધ્ધ અજય સિંગ,** 2023 (O)AIJEL-SC 72588 ના ચુકાદામા અધિનીમની કલમ-૧૩૯ મુજબનુ કાયદાકીય અનુમાન, પુરાવાનો બોજો અને કયારે પુરાવાનો બોજો ફરીયાદી પાસે જાય તેની વિગતવાર ચર્ચા પેરા-૩૫ થી ૪૫ મા કરવામા આવેલ છે તે ધ્યાને લઇએ તો...

35. Section 139 of the NI Act, which takes the form of a shall presume clause is illustrative of a presumption of law. Because Section 139 requires that the Court shall presume the fact stated therein, it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. But this does not preclude the person against whom the presumption is drawn from rebutting it and

proving the contrary as is clear from the use of the phrase unless the contrary is proved.

36. The Court will necessarily presume that the cheque had been issued towards discharge of a legally enforceable debt/liability in two circumstances. Firstly, when the drawer of the cheque admits issuance/ execution of the cheque and secondly, in the event where the complainant proves that cheque was issued/executed in his favour by the drawer. The circumstances set out above form the fact(s) which bring about the activation of the presumptive clause. [Bharat Barrel Vs. Amin Chand] [(1999) 3 SCC 35]

37. Recently, this Court has gone to the extent of holding that presumption takes effect even in a situation where the accused contends that 'a blank cheque leaf was voluntarily signed and handed over by him to the complainant. [Bir Singh v. Mukesh Kumar, (2019) 4 SCC 197]. Therefore, mere admission of the drawer's signature, without admitting the execution of the entire contents in the cheque, is now sufficient to trigger the presumption.

38. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a cheque, was issued by the accused for discharge of debt, the presumptive device under Section 139 of the Act helps shifting the burden on the accused. The effect of the presumption, in that sense, is to transfer the evidential burden on the accused of proving that the cheque was not received by the Bank towards the discharge of any liability. Until this evidential burden is discharged by the accused, the presumed fact will have to be taken to be true, without expecting the complainant to do anything further.

39. John Henry Wigmore [7] on Evidence states as follows: "The peculiar effect of the presumption of law is merely to invoke a rule of law compelling the Jury to reach the conclusion in the absence of evidence to the contrary from the opponent but if the opponent does offer evidence to the contrary (sufficient to satisfy the Judge's requirement of some evidence), the presumption 'disappears as a rule of law and the case is in the Jury's hands free from any rule." [7] Rules of Evidence- The Hidden Origin of Modern Law.

40. The standard of proof to discharge this evidential burden is not as heavy as that usually seen in situations where the prosecution is required to prove the guilt of an accused. The accused is not expected to prove the non-existence of the presumed fact beyond reasonable doubt. The accused must meet the standard of preponderance of probabilities, similar to a defendant in a civil proceeding. [Rangappa vs. Mohan (AIR 2010 SC 1898]

41. In order to rebut the presumption and prove to the contrary, it is open to the accused to raise a probable defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. The words until the contrary is proved occurring in Section 139 do not mean that accused must necessarily prove the negative that the instrument is not issued in discharge of any debt/liability but the accused has the option to ask the Court to consider the non-existence of debt/liability so probable that a prudent man ought, under the circumstances of the case, to act upon the supposition that debt/liability did not exist. [Basalingappa Vs. Mudibasappa (AIR 2019 SC 1983 See also Kumar Exports Vs. Sharma Carpets (2009) 2 SCC 513]

42. In other words, the accused is left with two options. The first option-of proving that the debt/liability does not exist-is to lead defence evidence and

conclusively establish with certainty that the cheque was not issued in discharge of a debt/liability. The second option is to prove the non-existence of debt/liability by a preponderance of probabilities by referring to the particular circumstances of the case. The preponderance of probability in favour of the accused's case may be even fifty one to forty nine and arising out of the entire circumstances of the case, which includes: the complainant' s version in the original complaint, the case in the legal/demand notice, complainant's case at the trial, as also the plea of the accused in the reply notice, his 313 statement or at the trial as to the circumstances under which the promissory note/cheque was executed. All of them can raise a preponderance of probabilities justifying a finding that there was no debt/liability. [Kumar Exports and Sharma Carpets, (2009) 2 SCC 513]

43. The nature of evidence required to shift the evidential burden need not necessarily be direct evidence i.e., oral or documentary evidence or admissions made by the opposite party; it may comprise circumstantial evidence or presumption of law or fact.

44. The accused may adduce direct evidence to prove that the instrument was not issued in discharge of a debt/liability and, if he adduces acceptable evidence, the burden again shifts to the complainant. At the same time, the accused may also rely upon circumstantial evidence and, if the circumstances so relied upon are compelling the burden may likewise shift to the complainant. It is open for him to also rely upon presumptions of fact, for instance those mentioned in Section 114 and other sections of the Evidence Act. The burden of proof may shift by presumptions of law or fact. In Kundanlal's case- (supra) when the creditor had failed to produce his account books, this Court raised a presumption of fact under Section 114,

that the evidence, if produced, would have shown the non-existence of consideration. Though, in that case, this Court was dealing with the presumptive clause in Section 118 NI Act, since the nature of the presumptive clauses in Section 118 and 139 is the same, the analogy can be extended and applied in the context of Section 139 as well.

45. Therefore, in fine, it can be said that once the accused adduces evidence to the satisfaction of the Court that on a preponderance of probabilities there exists no debt/liability in the manner pleaded in the complaint or the demand notice or the affidavit-evidence, the burden shifts to the complainant and the presumption 'disappears' and does not haunt the accused any longer. The onus having now shifted to the complainant, he will be obliged to prove the existence of a debt/liability as a matter of fact and his failure to prove would result in dismissal of his complaint case. Thereafter, the presumption under Section 139 does not again come to the complainant's rescue. Once both parties have adduced evidence, the Court has to consider the same and the burden of proof loses all its importance. [Basalingappa vs. Mudibasappa, AIR 2019 SC 1983 ; See also, Rangappa vs. Sri Mohan (2010) 11 SCC 441]

(૮.૫) ત્યારે હવે એ પ્રશ્ન થાય કે શુ આરોપીએ પોતાનો કોઇ પ્રોબેબલ ડીફેન્સ ઉભો કરેલ છે.? શું આરોપી દ્વારા કાયદાકીય અનુમાનોનુ ખંડન કરેલ છે.? તો તેનો જવાબ નકારાત્મક છે.

બચાવપક્ષ દવારા ફરીયાદીની ઉલટ તપાસ કરેલ છે જેમા ફરીયાદીએ જણાવેલ છે કે **એ વાત ખરી નથી કે, આંક-૨૨ તથા ૨૩ ના દસ્તાવેજો ખોટા બનાવીને રજુ કર્યા છે. એ વાત ખરી નથી કે, આરોપીને અમોએ કોઈ માલ વેચેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી પાસે અમારુ કોઈ કાયદેસરનુ લેણુ ન હોવા છતા ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, આંક-૧૪ વાળો ચેક આરોપીએ મને સહી કરીને આપેલો નથી.** આમ

બચાવપક્ષ ફરીયાદીની ઉલટ તપાસ થકી મહત્વના સવાલોનો ફરીયાદીએ નકારમા જવાબ આપેલ છે અને બચાવપક્ષ ફરીયાદીની ઉલટ તપાસ થકી અધિનીયમની કલમ-૧૩૯ મુજબ ખંડનાત્મક પુરાવો રજુ કરી શકેલ નથી.

તે જ રીતે આંક-૩૨ થી ફરીયાદી તરફે સાહેદ તેમની જુબાનીમા ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે જયારે બચાવપક્ષ દવારા સાહેદની ઉલટ તપાસમા સાહેદ જણાવે છે કે એ વાત ખરી છે કે આંક-૩૮ થી અમારા અને આરોપી વચ્ચે લખાણ થયેલ છે. એ વાત ખરી નથી કે આરોપી પાસે કાયદેસરનુ લેણુ ન હોવા છતા ખોટી ફરીયાદ કરી છે. એ વાત ખરી નથી કે આરોપીએ મારી રુબરુમા કોઇ ચેક સહી કરી આપેલ નથી પણ જુના ચેક પડેલા હતા તેનો દુરઉપયોગ કરી ખોટી ફરીયાદ કરી છે. આમ બચાવપક્ષ સાહેદ ની ઉલટ તપાસ થકી મહત્વના સવાલોનો સાહેદે નકારમા જવાબ આપેલ છે અને બચાવપક્ષ આ સાહેદની ઉલટ તપાસ થકી અધિનીયમની કલમ-૧૩૯ મુજબ ખંડનાત્મક પુરાવો રજુ કરી શકેલ નથી.

(૮.૬) બચાવપક્ષ દવારા વિશેષ નીવેદનમા એવો બચાવ લીધેલ છે કે:-

- **મારા પાસે ફરીયાદીને કોઇ કાયદેસરનુ લેણુ ના હોવા છતા મારી ઉપર ખોટો કેસ કર્યો છે.**

હવે ઉપરોકત બચાવ અનુસંધાને ફરીયાદી દવારા ફરીયાદ હકીકત અનુસંધાને આંક-૨૨ થી ડીલીવરી ચલણ રજુ કરેલ છે જેમા ૩૨૭૫ પેકેટ આરોપીને ડીલીવરી કરેલ હોવાનુ અને આંક-૨૩ થી રજુ ડીલીવરી નોટ આધારે ૩૨૭૫ પેકેટ આરોપીને તારીખ: ૧૮.૦૭.૨૦૧૫ ના રોજ ડીલીવરી કરેલ હોવાનુ તેમજ આંક-૨૪ ના ઇન્વોઇસ આધારે ફરીયાદીએ આરોપીને માલ બીયારણ નંગ ૩૨૭૫ પેકેટ કિમત રુપીયા ૨૨,૬૬,૭૭૫ નો વેચાણ આપેલ હોવાનુ દસ્તાવેજી પુરાવા આધારે પ્રસ્થાપીત કરેલ છે. વધુમા ફરીયાદીએ રજુ કરેલ આંક-૩૭ ના આરોપીનુ લેઝર એકાઉન્ટ મુજબ તારીખ: ૧૮.૦૭. ૨૦૧૫ ના રોજ આરોપીને આંક- ૨૪ ના ઇન્વોઇસની વીગતે બીયારણ વેચાણ રૂ.૨૨,૬૬, ૭૭૫ નુ કરેલ

હોવાની એન્ટ્રી છે. આમ, રજુ દસ્તાવેજી પુરાવા આધારે આરોપીએ ફરીયાદી પાસેથી રૂ.૨૨,૬૬,૭૫૦ ના બીયારણ ખરીદ કરેલ હોવાનુ પ્રસ્થાપીત કરેલ છે. જેની કાયદેસરની લેણી સબબ હાલનો ફરીયાદવાળો ચેક છે.

જયારે બચાવપક્ષ દવારા સાહેદોની ઉલટ તપાસ થકી એવી કોઇ જ હકીકત રજુ કરી શકેલ નથી કે જેના થકી એ પ્રસ્થાપીત થાય કે ફરીયાદીના જણાવ્યા મુજબનુ કોઇ લેણુ અસ્તીત્વમા જ નથી કે આવા લેણાનુ અસ્તીત્વ ન હોવાની પ્રબળ સંભાવના છે.

(૮.૭) હવે આ કામના આરોપી દવારા પોતાના બચાવના સમર્થનમા કોઇ પણ મૌખીક પુરાવા કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. વધુમા આ કામના આરોપી દવારા ફરીયાદીની નોટીસ સબબ કોઇ લેખીત જવાબ/બચાવ આ કામે રજુ કરેલ નથી. ઉપરોકત **પેરા નંબર ૮.3** મા ચર્ચા કર્યા મુજબ ફરીયાદીની તરફેણમા અધિનીયમની કલમ-૧૩૯ મુજબ કાયદાકીય અનુમાન કરવામા આવેલ છે. તે બાદ બચાપક્ષ દવારા ફરીયાદીની તરફેણમા કરવામા આવેલ અનુમાન સબબ ખંડન કરતો કોઇ જ ખંડનાત્મક પુરાવા રજુ કરી શકેલ નથી વધુમા આરોપી દવારા પોતાના વિશેષ નીવેદનમા એવો બચાવ લીધેલ છે કે **મારા પાસે ફરીયાદીને કોઇ કાયદેસરનુ લેણુ ના હોવા છતા મારી ઉપર ખોટો કેસ કર્યો છે** જેના સંદર્ભે માત્ર કાયદેસરના લેણાનો ઈન્કાર કરવાથી/ માત્ર ખોટો કેસ કરેલ હોવાનુ કથન કરવાથી / અને ચેકનો ફરીયાદીએ દુર ઉપયોગ કરેલ હોવાનુ માત્ર કથન કરવાથી અનુમાનનુ ખંડન થઇ શકતુ નથી પણ આરોપીએ દેવુ / જવાબદારી અસ્તીત્વમા ન હોવાની સંભાવના સ્વીકારતો હોવાનો પુરાવો રજુ કરવો પડે જે રજુ કરવામા બચાવપક્ષ સદંતર નિષ્ફળ રહેલા છે.

(૮.૯) અંતમા આ કામના ફરીયાદી દવારા આંક-૩૮ થી ફરીયાદી અને આરોપી વચ્ચે થયેલ કરાર તારીખ: ૦૩.૦૬.૨૦૧૯ નો રજુ કરેલ છે.

આંક-૩૮ ના કરારની હકીકત વંચાણે લેતા તેમા જણાવેલ છે કે " ***અમો બંને પક્ષકારો વચ્ચે સમાધાનની સમજુતી થયેલ છે. આ કેસના આરોપી અમરાભાઇ***

બેચરાએ અમો ફરીયાદી પાસેથી માલ બીયારણ ખરીદ કરેલ અને સદર માલની ડીલીવીરી અમો આરોપીને મળી ગયેલ અને તે માલની બાકી રહેતી ચુકવણી પેટે અમો આરોપીએ ફરીયાદીને કોર્પોરેશ બેંકનો ચેક નંબર ૪૫૪૨૭૮ નો તારીખ: ૧૮.૧૨.૨૦૧૫ ના રોજનો આપેલ છે ફરીયાદીએ બેંકમા ભરતા પરત થયેલ જેથી ફરીયાદીએ સદર કેસ કરેલો જેનો ક્રિ.કેસ નંબર ૪૮/૧૬ છે પરંતુ અમો બંને પક્ષકારો વચ્ચે સમાધાનની સમજુતી થયેલ છે જે સમજુતી મુજબ આરોપીએ ફરીયાદીને કોટક મહીન્દ્રા બેંક જામનગર શાખાનો ચેક નંબર૦૦૦૦૧૭ નો આપેલ છે. સદર ચેક પાસ થયા બાદ અમો ફરીયાદી સદર ફરીયાદ પાછી ખેંચીશુ તેવી સમજુતી કરેલ છે."

હવે ઉપરોકત આંક-૩૮ મા આરોપીની સહી ન હોવા બાબતે આરોપી દવારા કોઇ જ તકરાર લીધી નથી. વધુમા આંક-૩૮ ના લખાણનુ ખંડન કરતો કોઇ જ પુરાવા આરોપી રજુ કરી શકેલ નથી. આથી પણ ફરીયાદપક્ષ, આરોપી દવારા ફરીયાદવાળો ચેક કાયદેસર ના દેવા પેટે આપેલ હોવાની હકીકત પુરવાર કરવામા સફળ રહેલા હોવાનુ પુરવાર કરવામા સફળ રહેલા છે અને આરોપી પોતાનો બચાવ પુરવાર કરવામા નિષ્ફળ રહેલા હોવાનુ માનવાને કારણ રહે છે.

(૯) ઉપરોકત ચર્ચા મુજબના કારણોસર, ફરિયાદપક્ષ તરફે રજુ પુરાવાથી ફરિયાદ વિગતનો ચેક ફરિયાદ વિગતના કાયદેસરના દેવાની ચુકવણી પેટે આરોપી દ્વારા આપવામા આવેલ હતો તે હકીકત સ્પષ્ટપણે સાબીત થયેલ છે. આરોપીએ અધિનીયમની કલમ-૧૩૯ અંગેના કાયદાકીય અનુમાન સંદર્ભે ખંડનાત્મક પુરાવો રજુ કરવામા સદંતર નિષ્ફળ ગયેલ છે. આથી ઉપરોકત ચર્ચા મુજબના કારણોસર ફરિયાદપક્ષે રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવા થકી આરોપીએ અધિનીયમ ની કલમ-૧૩૮ મુજબ શીક્ષા ને પાત્ર ગુનો આચરેલ છે તેવી હકીકત સાબીત થાય છે તેમ ઠરાવવા મા આવે છે અને મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમા આપવામા આવે છે અને મુદ્દા નંબર ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

-: હુ ક મ : -

(૧) ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૫૫ (૨) મુજબ આરોપી અમર લીલાધર બેચરા, (૧) રહે. ૩૦૨, વિનાયક રેસીડન્સી,વ્રજ શોપિંગ સેન્ટરની સામે, ભાનુ પેટ્રોલપંપ પાસે, રણજીત સાગર રોડ,જામનગર-૩૬૧૦૦૧. તથા (૨) રહે. ૪૭, પટેલ વાસ, ભરવાડ વાસની બાજુમા, ગામ પીપડી, તાલુકો લાલપુર, જીલ્લો જામનગરનાઓને તેમની સામેના આક્ષેપ વટાઉખત અધિનીયમ, સને ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના શીક્ષાપાત્ર ગુના અંગે તકશીરવાન ઠરાવવામા આવે છે.

(૨) સજા અંગે હુકમ કરતા અગાઉ સજા અંગે હાજર પક્ષકારોની સુનાવણી માટે મુલત્વી.

ચુકાદો આજરોજ તારીખ:- ૦૪ માહે- મે ,સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:- અમદાવાદ.

તારીખ:- ૦૪.૦૫.૨૦૨૪.

(ભરતકુમાર વિઠ્ઠલભાઇ પરમાર)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
ને.ઇ.એકટ કોર્ટ નંબર ૩૩, અમદાવાદ.
કોડ નંબર જીજે ૦૦૯૩૯.

(૧૦) સજા અંગે ફરીયાદી તરફે ફરીયાદીના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી, આરોપી તથા આરોપીના વકીલશ્રી હાજર છે.બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી

(૧૦.૧) ફરીયાદ તરફે વિધ્વાન વકીલશ્રી તરફથી એવી દલીલ રહેલ છે કે આ કામે આરોપી વિરુધ્ધ ગુનો પુરવાર થતો હોય આથી આરોપીને કાયદામા ઠરાવેલ વધુમા વધુ સજા કરવી જોઇએ તેમજ ફરીયાદીને વળતર અપાવવા પોતાની દલીલમા જણાવેલ છે.

જયારે બચાવપક્ષ તરફથી એવી દલીલ રહેલ છે કે આ કામના આરોપી કુટુંબ

કબીલાવાળા છે. આરોપીને કુટુંબની જવાબદારી છે. આથી આરોપીને વધુ કડક સજા ન કરતા હળવી સજા કરવા રજુઆત કરી છે.

(૧૦.૨) ઉપરોકત રજુઆત લક્ષમા લીધી, અધિનીયમની કલમ-૧૩૮ ની સજાની જોગવાઇ ધ્યાને લીધી. વળતર ચુકવવા માટે કાયદાકીય જોગવાઇના અસરકારક અમલ માટે વળતર ચુકવવામા કસુર કરે તેવા સંજોગોમા કેદની સજા અંગે હુકમ કરવો જોઇએ. અધિનીયમ ની કલમ-૧૩૮ ની જોગવાઇનો હેતુ આર્થિક વ્યવહારો જવાબદારી પુર્વક થાય અને સામાન્ય ક્રમમા થતા આર્થિક વ્યવહારોની શાખ જળવાય રહે તે અંગેનો છે. જેથી વળતરની રકમ ફરીયાદીને થયેલ નુકશાન કે જેઓ સીવીલ કેસ કરી વસુલ મેળવી શકે તે મુજબનુ ચુકવવાનો હુકમ કરવો આ તબકકે ન્યાયોચીત જણાય છે. આથી પ્રસ્તુત કેસમા ફરીયાદીને ચેકની રકમ રૂ.૨૨,૬૬,૭૫૦ (અંકે રુપીયા બાવીસ લાખ છાંસઠ હજાર સાતસો પચાસ પુરા) વાર્ષિક ૬ % ટકાના સાદા વ્યાજના દરે ચેક રીટર્ન થયા તારીખથી આ રકમ ચુકવી આપે ત્યાં સુધીના સમય ગાળા માટે ચઢેલ વ્યાજ સહીતની રકમ તેમજ સદર કેસની ન્યાયીક કાર્યવાહીમા થયેલ ખર્ચની યોગ્ય રકમ વળતર તરીકે રૂ.૨૦,૦૦૦ (અંકે રુપીયા વીસ હજાર પુરા) ની રકમ વળતર પેટે આરોપીએ આ કામના ફરીયાદીને ચુકવી આપવા હુકમ કરવામા આવે છે. જો વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો તેવી કસુર બદલ વધુ ૬ માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવો પણ ન્યાયોચીત જણાય છે.

(૧૦.3) કેદની સજા અંગે દલીલો ધ્યાને લીધી. આ કેસ આર્થિક વ્યવહારો સાથે સંકળાયેલ હોય કેસની હકકીત લક્ષમા લેતા કાયદામા મહતમ બે વરસની કેદની સજાની જોગવાઇ કરવામા આવેલ છે પણ આ કેસની હકીકત અને કેસના સંજોગો ધ્યાને લઇ આ કેસમા આરોપીને ૧૨ (બાર) માસની સાદી કેદની સજા કરવી ન્યાયોચીત જણાય છે. આથી ઉપરોકત કારણોસર નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

-//આ ખ રી હુ ક મ //-

(૧) ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૫૫ (૨) મુજબ આરોપી અમર લીલાધર બેચરા, રહે. ૩૦૨, વિનાયક રેસીડન્સી,વ્રજ શોપિંગ સેન્ટરની સામે, ભાનુ પેટ્રોલપંપ પાસે, રણજીત સાગર રોડ,જામનગર-૩૬૧૦૦૧. તથા રહે. ૪૭, પટેલ વાસ, ભરવાડ વાસની બાજુમા, ગામ પીપડી, તાલુકો લાલપુર, જીલ્લો જામનગરનાઓનેતેમની સામેના આક્ષેપ વટાઉખત અધિનીયમ, સને ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના શીક્ષાપાત્ર ગુના સબબ આરોપી ને ૧૨ (બાર) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

(૨) ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૩૫૭ (૩) અન્વયે આરોપીએ આ કામના ફરીયાદી ને વળતર પેટે ચેકની રકમ રૂ.૨૨,૬૬,૭૫૦ (અંકે રુપીયા બાવીસ લાખ છાંસઠ હજાર સાતસો પચાસ પુરા) વાર્ષિક ૬ % ટકાના સાદા વ્યાજના દરે ચેક રીટર્ન થયા તારીખથી આ રકમ ચુકવી આપે ત્યાં સુધીના સમય ગાળા માટે ચઢેલ વ્યાજ સહીતની રકમ તેમજ સદર કેસની ન્યાયીક કાર્યવાહીમા થયેલ ખર્ચની યોગ્ય રકમ વળતર તરીકે રૂ.૨૦,૦૦૦ અંકે રુપીયા વીસ હજારની રકમ વળતર પેટે આરોપીએ આ કામના ફરીયાદીને ચુકવી આપવા હુકમ કરવામા આવે છે. જો આરોપી વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો આરોપીને વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આ ચુકાદાની એક નકલ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૩૬૩ અન્વયે આરોપીને વિના મુલ્યે આપવા હુકમ કરવામા આવે છે.

ચુકાદો આજરોજ તારીખ:- ૦૪ માહે- મે ,સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:- અમદાવાદ.
તારીખ:- ૦૪.૦૫.૨૦૨૪.

(ભરતકુમાર વિઠ્ઠલભાઇ પરમાર)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
ને.ઇ.એકટ કોર્ટ નંબર ૩૩, અમદાવાદ.
કોડ નંબર જીજે ૦૦૯૩૯.